

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તાની લાહ્યમાં નેતાઓએ રાજ્યો ભાંગી નાખ્યાં,*
*જાતિની ફેલાવી પ્રાદેશિકતા, મન ભાંગી નાખ્યાં,*
*ભાંગી નાખ્યું રાષ્ટ્ર - ધર્મ, નાત-જાતના જૂથમાં*
*સંકુચિત સ્વાર્થે રાષ્ટ્રપ્રેમ, ઐક્ય ભાંગી નાખ્યાં,*
*(સતલજ-ગોદાવરીનાં જળની સમસ્યા)*

હાઈકુ

*ચહેરા પર,*
*છવાઈ ગઈ મેશ -*
*કાળાં નાણાંની...*

*ખાલી ખાતાં ય,*
*છલક્યાં રાતોરાત -*
*ખૂલ્યાં નશીબ!!*

### ચિંતન

**કબીર લૌંગ ઈલાયચી, દાતુન માટી પાનિ,**
**કહે કબીર સંતન કો, દેત ન કી જૈ કાનિ.**

આ સાખી કબીર વાણીમાંથી લેવામાં આવેલ છે. આજના સાધુનો વૈભવ, મંદિરોનો વહીવટ અને ભક્તોની અંધશ્રદ્ધા જોઈને કોઈ પણ વિચારવંત વ્યક્તિ નાસ્તિક બની જાય તો નવાઈ પામવા જેવું નથી. સાધુકાર્ય કરવામાં જરૂરિયાતો ઘટાડવી જ પડે. ભોગની જગ્યાએ ત્યાગ, પરિગ્રહની જગ્યાએ દાન અને લાલસાની જગ્યાએ સંતોષ ન આવે તો આપણી કહેવત મુજબ 'બાવાના તો બેય બગડ્યા' ન ઘરના કે ન ઘાટના જેવો ખેલ થાય. કબીર કહે છે 'દાંતણ, માટી, પાણી લવિંગ અને ઈલાયચી રૂપી જે પ્રાથમિક જરૂરિયાતો છે તે સંતોને આપવામાં કોઈ કચાશ ન રાખવી.' ભગવદ્ગીતા પ્રમાણે યજ્ઞ વિના (પુરુષાર્થ કર્યા વિના ભોગવતા) અન્ન આરોગવું તે ચોરી છે.

આજકાલ 'ગૃહત્યાગ'- સંસારત્યાગ કરીને આવનારા સાધુઓ નાની એવી તાંત્રિક સાધનાની સિદ્ધિ પ્રાપ્ત કરી, 'ભગવાન' થઈ બેસી જાય છે અને 'આશ્રમ'માં ત્યાગના વાઘા પહેરાવી નવો સંસાર ઊભો કરે છે. સંસાર-ભોગ તરફ સાચો વૈરાગ્ય આવે તો જ 'ત્યાગ' સાચો - બાકી તો આત્મવંચના જ છે.

### સુવિચાર

- શિખામણમાંથી રસ્તા મળતા હશે કદાચ પણ, દિશાઓ તો ભૂલા કરવાથી જ મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હું શ્રેષ્ઠ છું એ આત્મવિશ્વાસ દર્શાવે છે, પણ હું જ શ્રેષ્ઠ છું એ અભિમાન દર્શાવે છે - **ભૂપત વડોદરિયા**
- અમુક સંબંધો 'પાસવર્ડ' જેવા હોય છે,
  એ નામે સંબોધન કરો એટલે માણસ ખુલી જાય છે - **એસ.એમ.એસ.**
- તમે હોર્નના અવાજ પરથી મોટરકારની કિંમત ન આંકી શકો... બસ...
  એ જ પ્રમાણે માણસનું...!! - **ચિત્રલેખા**
- શાણપણ જે હસતું નથી, તત્ત્વજ્ઞાન જે રડતું નથી,
  મહાનતા જે બાળક સન્મુખ નમતી નથી તેનાથી મને વેગળો રાખજો - **ખલીલ જીબ્રાન**
- વિપત્તિમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી,
  પણ વિપત્તિમાં હું ભય ન પામું, એ મારી પ્રાર્થના છે - **ટાગોર**
- આજનું ઔષધ : કફ વિકાર અને હેડકી મટાડવા ફુદીનાના પાન અંજીર સાથે ચાવીને ખાવા.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ કોમ્પ્યુટરીયો - ગુગલ મેળાપક પ્રેમ કે નવરાત્રીઓ નાચણીયો નવ-દીનો પ્રેમ, દેખાય 'એક દૂજે કે લિયે' પણ લગ્ન પછી થોડા મહિનામાં બંને એકબીજાના સ્વભાવ-બોલવા ચાલવાની રીતભાતનો પરિચય થાય છે ને છૂટા પડી જાય છે. વર્ષો પહેલાં પુરાણી રીતે કુટુંબોનો પેઢી દર પેઢીનો પરિચય - સફળ સંસારનું દ્યોતક હતો.

રાજાની કુંવરીને મહેલના જ એક ગુલામ સાથે પ્રેમ થયો - હઠે ચઢી - રાજાએ ગુલામને જેલમાં પૂર્યો - કુંવરીને પણ મહેલમાં નજર કેદ રાખી - પણ ગુલામને ભૂલતી નો'તી.

રાજા સંત પાસે ગયો. સંતે યુક્તિ બતાવી

રાજાએ કુંવરીને બોલાવી, શરત કરી - તને અને ગુલામને એક મહિનો એક નાના ઘરમાં કેદ રાખું તમારે સંયમપૂર્વક રહેવું - ખાવા-પીવા-ભોગની વસ્તુ જે માગશો તે મળશે પણ કોઈને મળવાનું નહીં - કુંવરી ખૂશ થઈ.

બંને એક ઘરમાં કેદ થયાં. ચાંર-પાંચ દિવસમાં જ એકમેકને જોઈ ધરાઈ ગયા. પછી તો બોલવાના - સ્વભાવના - રીતરસમ-ટેવોના દોષ દેખાવા લાગ્યા - ઝઘડા થવા લાગ્યા. કુંવરી પંદર દિવસમાં ગુલામથી ત્રાસી ગઈ. છૂટા પડ્યાં.

# કાળાં નાણાં નાબૂદીનો પુરુષાર્થ : નીવડ્યે વખાણ!

એક જ દિવસે બનેલી બે ઘટનાઓએ દેશ અને દુનિયાને વખતપૂરતાં હચમચાવી મૂક્યાં છે. કેટલીકવાર કુદરત પણ કાળા માથાના માનવીને યાદગાર આંચકા આપતી હોય છે, પરંતુ આ બેઉ આંચકા માનવસર્જિત છે. અમેરિકાની પ્રજા ઓબામા અને બિલ ક્લિન્ટન જેવા પુરોગામી રાષ્ટ્રપ્રમુખોના અનુગામી તરીકે ડોનાલ્ડ ટ્રમ્પને દુનિયાના સર્વોચ્ચ સત્તાધીશ તરીકે ચૂંટશે એવી આગાહી માછલી જેવા અબોલ જીવો તો કરી હતી પરંતુ મીડિયાથી લઈ સેફોલોજીના તજજ્ઞો હિલેરીની જીત નિશ્ચિત માનીને ચાલતા હતા. અમેરિકાના પ્રમુખ પદ પર ચૂંટાનાર નેતા સમસ્ત વિશ્વના ભવિષ્યના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવતો હોય છે. ટ્રમ્પ વિશે ચર્ચાયેલી ખરીખોટી વાતો પછી હવે એ પદ મેળવ્યા પછી કેવું વલણ અખત્યાર કરે છે તેની અધ્ધર શ્વાસે પ્રતીક્ષા રહ્યા કરશે. ભારતના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ બની રહેનાર પૂર્વસૂરિઓથી એક કદમ આગળ નીકળી જવા ઉત્સુક વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એ જ રાતે એકાએક રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ ની ચલણી નોટો રદબાતલ કરવાની જાહેરાત કરીને ફક્ત હિંદુસ્તાનને જ નહીં બલકે આખા વિશ્વને આંચકો આપ્યો છે. તેઘડાને ચાર-પાંચ દિવસ થઈ ગયા પછી પણ પ્રજાને એની કળ વળી નથી. સરકાર અને રિઝર્વ બેંક પૂરતો સમય આપી નાણાં જમા કરાવી દેવાની સાંત્વના આપતાં રહે છે, છતાં લોકોને ઘરવપરાશ માટે અને રોજિંદા વ્યવહારો માટે લાંબી લાંબી કતારોમાં કલાકો લગી ઊભા રહી માથે પડેલાં કાગળિયાંની કિંમત વસૂલી લેવાની ઉતાવળ આવી છે. આ પ્રકારની માનસિકતા સ્વભાવિક પણ છે. આમ આદમી માટે તો પાંચસો રૂપિયાની નોટ પણ એની મરણમૂડીનો જ એક ભાગ છે. કાળા બજારિયાઓ અને ટેક્ષચોરી કરનાર કસબીઓ એમનાં અઢળક કાળાં નાણાંને ધોળાં નાણામાં અજમાવી રહ્યા છે. એ જનધન યોજના હેઠળ ઝીરો-બેલેન્સથી ખોલાવાયેલાં ખાતાં સુધી રઝળપાટ કરી રહ્યાં હોવાની શંકા સેવાઈ રહી છે, સર્વેક્ષણ કરવામાં આવે તો આ અઠવાડિયા દરમિયાન ઘણા લોકોનું માનસિક સંતુલન ખોરવાયાનો અને ઘણાંનું બ્લડપ્રેશર વધી ગયાના દાખલા મળી રહે એમ છે. સરકારે લીધેલ પગલું કાળાં નાણાંનાં કાળીનાગને નાથવા માટેનું યોગ્ય પગલું હોઈ શકે છે, પરંતુ એથી આવડા મોટા દેશની વિવિધ આર્થિક સ્તરની પ્રજા એક યા બીજી રીતે મુશ્કેલીનો સામનો કરી રહી છે, એ નક્કી. બેંકો સામેની કતારો જ એનું જીવતું જાગતું પ્રમાણ છે. ડી-કંપની અને દાણચોરો કે હવાલાંને નાથવા જતાં રોજનું પેટિયું રળનાર મજૂર માટે દિવસોના દિવસો લગી બેંકોના આંટાફેરા કરી રોજી

**તંત્રીસ્થાનેથી...**

ગુમાવવાનું બલકે રોજિંદુ રાશન મેળવવાનું અઘરુંબની ગયું છે. ઘણાંના પરિવારોમાં માંગલિક પ્રસંગો અટકી પડ્યા છે. ખેડૂતોના નામે મોટી રકમો બેંક ખાતામાં જમા કરાવવાના અખતરા ચાલી રહ્યા છે, ત્યારે સરકારે બતાવેલી અઢી લાખની મર્યાદા અને એક જ ગ્રાહક દ્વારા એક થી વધુ વાર ચાર હજારથી વધુ રકમ નહીં બદલાવી શકાય એવો નિયમ પણ લોકોને અકળાવી રહ્યો છે, નાણામંત્રી જેટલી આશ્વાસનો આપતા રહે છે અને વડાપ્રધાન વિદેશ યાત્રાએ નીકળી ગયા છે. અમિત શાહે રાહુલ, મુલાયમ, માયાવતી સહિતના ઉત્તરપ્રદેશના હરીફ પક્ષોના નેતાઓ સામે કટાક્ષબાણ છોડવા માંડ્યા છે, ખરું પૂછો તો કોઈ જ રાજકીય પાર્ટી દૂધે ધોયેલી નથી. નિખાલસ પ્રકૃતિના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ પોતે કબૂલ કરેલું કે મારી ચૂંટણીમાં કાળાં નાણાં નહીં જ વપરાયાં હોય, એવું હું ખાતરીપૂર્વક કહી શકતો નથી. જયારે દેશનું અર્થતંત્ર જ કાળાં નાણાંના કબજામાં આવી ગયું હોય ત્યારે આવી 'સર્જિકલ સ્ટ્રાઈક' અનિવાર્ય બની રહે. પરંતુ જો શુભાશયથી જ આ પગલાં લેવાયેલ હોય તો એના નામે રાજકારણ ન ખેલાવું જોઈએ એમ એનો જશ લેવાનો પ્રયાસ પણ ન થવો જોઈએ.

# મા અમૃતમ યોજનાને સાચા લાભાર્થીઓ સુધી પહોંચાડવી જરૂરી

મૂળે નરેન્દ્ર મોદીની સંકલ્પના અને પછી એમના અનુગામી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા અમલી બનાવાયેલ ગરીબ દરદીઓને બે લાખ સુધીની મર્યાદમાં મફત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાની યોજના 'મા અમૃતમ્' નો દુરુપયોગ થઈ રહ્યાના અહેવાલો વાંચી ભાગ્યે જ કોઈને આશ્ચર્ય થયું હશે. મફતનું મેળવી લેવાની મનોવૃત્તિ એ ભારતીય જનમાનસનું નોંધપાત્ર લક્ષણ છે. કરોડોની આવક ધરાવતા લોકો આવા સરકારી લાભો લેવામાં હીણપત નહીં અનુભળતા હોવાના કિસ્સા અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળશે. સવિશેષ ગ્રામ વિસ્તારોમાં જયારે આ યોજના તરતી મુકાઈ કે તાબતતોબ એનો લાભ માલેતુજાર ખેડૂતોએ લેવાનું શરુ કરી દીધું છે. આમ પણ ખેતીની આવક ટેક્સેબલ નહીં ગણાતી હોઈ એમના માટે તલાટી કે મામલતદાર પાસેથી ઓછી આવકનો દાખલો મેળવવાનું એટલું અઘરું નથી. જયારે પંચતારક હોસ્પિટલો મેડિક્લેમની કેશલેસ સેવાઓ આપવા તૈયાર જ બેઠી હોય ત્યારે સરકારની આ 'કેશલેસ' સ્કીમ એમના માટે તો દોડવું હતું ને ઢાળ મળી ગયો - જેવી જ પુરવાર થાય. એ સાચું કે છેલ્લા વર્ષો દરમિયાન મેડિકલ સેવાઓ ખૂબ જ ખર્ચાળ બની ગઈ છે. હવે ગુજરાતમાં ઘૂંટણ બદલાવવાની કે હૃદયની બાયપાસ સર્જરી સામાન્ય બની ચૂકી છે. પરંતુ આવી શસ્ત્રક્રિયા મોંઘીદાટ છે તે પણ હકીકત છે. ગુજરાત સરકારના કર્ણધારોને લાગ્યું કે આવી સારવાર ફક્ત ઊંચા પ્રિમિયમ ભરી મેડિકલેમ સુવિધા ધરાવતા ઉચ્ચ વર્ગના લોકો માટે કે સરકારી કર્મચારીઓ પૂરતી મર્યાદિત રહે તે બરાબર નહીં ગણાય. આરોગ્ય સેવાના મુદ્દે જે લાભ રાજયના સુખી વર્ગના લોકોને તથા સરકારી કર્મચારીઓ મળે છે તે આમ જનતાને પણ મળવો જોઈએ. હકીકતમાં રાજયનો આ જ આદર્શ હોવો જોઈએ કે છેલ્લામાં છેલ્લા માનવીને 'રોટી, કપડાં, મકાન'ની પાયાની જરૂરિયાતો ઉપરાંત મફત આરોગ્ય સેવાઓ મળવી જોઈએ. કેનેડા અને બ્રિટન જેવા દેશોમાં આરોગ્ય સેવાઓનું રાષ્ટ્રીયકરણ થયેલ હોઈ નાગરિકોની આવી સેવાઓ અંગેની ફી રાજય સરકારો તરફથી ચૂકવવામાં આવે છે. ખરેખર તો આરોગ્ય એ પાયાનો મુદ્દો છે, આપણે જીવવાનો મૂળભૂત અધિકાર આપી દીધો પરંતુ એ ગંભીર રીતે બીમાર પડે ત્યારે એને મરણમૂડી ખરચી નાખીને કાં તો ઘર-ખેતર વેચીને હોસ્પિટલોનાં ગંજાવર બિલ ચૂકવવાં પડે, તેવી દયાજનક સ્થિતિમાં મૂકી દીધો. બંધારણમાં સુધારો કરી દરેક નાગરિકને બીમારી સામે રક્ષણ આપવાની રાજયની ફરજ છે, એવી કલમ દાખલ કરાવવાનો સમય પાકી ગયો છે. અત્યારે તો લાખો-કરોડો ખરચીને મેડિકલ કૉલેજની ઉચ્ચ ડિગ્રીઓ મેળવનારા તબીબો સેવાના આદર્શને કચરાપેટીમાં પધરાવી રીતસર દરદીઓને વેતરી નાખવાની જ તકો શોધકા ફરે છે. પંચતારક હોસ્પિટલોનાં પગથિયાં ચડવાનું આમ આદમીનું ગજું નથી. સરકારી હોસ્પિટલોમાં ગમે તેટલી ઉત્તમ સારવાર મળતી હોય તો પણ જનતાને એમની શુભ દાનત પર ભરોસો નથી રહ્યો. જેમ ગરીબ પટાવાળો પણ એના સંતાનોને ખાનગી રાહે ચલાવાતી શાળાઓમાં મૂકવામાં જ શ્રેય સમજે છે એમ પેટે પાટા બાંધીને પણ પ્રજા ખાનદી દવાખાનામાં જ સારવાર કરાવવાનું પસંદ કરે છે. સરકારના ધ્યાનમાં આ તમામ બાબતો આવી જ હોય, કારણ કે ખુદ ઉચ્ચ પદાધિકારીઓ અને અધિકારીઓ પણ સરકારી દવાખાનાની સારવાર લેવાનું ભાગ્યે જ પસંદ કરતા હોય છે. મુખ્યમંત્રી રૂપાણીએ દાખલો બેસાડવાનો પ્રામાણિક પ્રયાસ જરુર કર્યો છે, પણ એથી આમ જનતા સરકારી હોસ્પિટલો ભણી વળી જશે એવું માનવું વધું પડતું જ ગણાશે. 'વીઆઈપી' વર્ગ માટે તો સરકારી હોસ્પિટલો બરાબર સેવાઓ આપશે, પરંતુ સામાન્ય દરદીઓ સાથેનો વ્યવહાર ભાગ્યે જ બદલાશે. આવા સંજોગોમાં કેન્સર, કિડની, હૃદય કે લિવરની બીમારીઓ માટે સરકારે શરુ કરેલી 'મા અમૃતમ્' ખરેખર ગરીબ દરદીઓ માટે આશીર્વાદરુપ જ ગણાય. પરંતુ ગરીબ કે બીપીએલ દરદીઓ સુધી એનો પ્રચાર થાય એ પહેલાં એનો લાભ ઓડી-મર્સીડીઝ જેવી મોંઘીદાટ ગાડીઓવાળા લઈ રહ્યા છે! આ મુદ્દે કોઈ કડક ચકાસણીના નિયમો નહીં બનાવાય ત્યાં સુધી પ્રજાના પરસેવાની કમાણી આ રીતે જ વેડફાતી રહેશે!

**વિચારસભા**
**ડો. કેશુભાઈ દેસાઈ**

# હાસ્યકાર જગદીશ ત્રિવેદીના શ્રેષ્ઠ હાસ્ય નિબંધોની હાસ્યયાત્રા - ૨

હાસ્યલેખકોની એક ઓળખ એ છે કે એ જેમ પત્ની, સાસરિયા કે અન્ય પાત્રોની ઠેકડી ઉડાડતા હોય છે એમ પોતાની જાતની ઠેકડી ઉડાડતા પણ તેઓ અચકાતા નથી હોતા. જગદીશ ત્રિવેદી શું કહે છે જૂઓ –

'અમારી સોસાયટીમાં મુરખને પ્રમુખ બનાવવાનો રિવાજ હોવાથી હું બિનહરિફ ચૂટાયેલો છું ' ( ગમે તેમ તો ય હું પ્રમુખ ને ..?)

હાસ્ય માત્ર જોક્સ કહેવાથી જ ઉત્પન્ન થાય એવું નથી હોતું ભાષાની ચમત્કૃતિ સાથે સિક્સસેન્થની કાબેલિયત પણ હોવી જરૂરી છે. વળી વર્ણન, ચિત્રાત્મકતા, ભાષાની ત્રણેય શક્તિઓનો પ્રસંગોચિત વિનિયોગ, પ્રસંગોની ગૂંથણી, લેખકની સૂક્ષ્મ અને વક્ર દૃષ્ટિ... આ બધા દ્વારા પણ લેખક હાસ્ય નિપજાવી શકે છે. જૂઓ ''ફૂલેકામાં ધીંગાણું ' નું આ દૃશ્ય -

''સૌથી આગળ સીસમ જેવો કાળો ડિબાંગ ઢોલી, એની પાછળ અમે પુરુષો, અમારી પાછળ ધુડાભાઈનો ઘોડો, ઘોડા ઉપર ભોપો, ઘોડાની બાજુમાં માથે પેટ્રોમેક્ષ ઉપાડીને ચાલતો વાણંદ, વાણંદની પાછળ બૈરાં, આ રીતે અમે સાંકડી શેરીઓમાં ચાલતાં થયાં, કાદવમાં પગ પડતા જાય, અંધારામાં પથ્થરની ઠોકર વાગતી જાય, સૂતેલાં કૂતરાં ઉપર પગ પડતાં જાય.... આ રીતે જેમ તેમ કરીને અમે પડતાં-આખડતાં રામજી મંદિર પહોંચ્યાં.' આ સર્જક પાત્રોની ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા વિવિધ ચેષ્ટાઓ દ્વારા કે વર્ણન દ્વારા પણ હાસ્ય નિપજાવી શકે છે. રંગમંચની ભાષામાં કહી શકાય કે સર્જક પોતાના પાત્રોના આંગિક, વાચિક અને સાત્વિક અભિનય દ્વારા પણ હાસ્ય નિપજાવી શકે છે. 'વેકેશન એટલે મામાની પરીક્ષા' માં હળવી શૈલીમાં 'મામાનું ઘર કેટલે દીવો બળે એટલે' કહેવત સાર્થક કરતો આ હાસ્ય નિબંધ ૭૦/૮૦ ના દાયકાની પારિવારિક વાત લઈને આવે છે. એ વખતે સ્કૂલોમાં વેકેશન પડે એટલે ઘરના બાળકો મામાને ઘેર અચૂક જવાનું જ હોય, વેકેશનને રાહ જોવાતી હોય... પણ હવે આજે... ? વેકેશન, મામાનું ઘર, બહેન, ભાણેજ, આતિથ્ય..... આ બધુ જ ભૂલાઈ ગયું છે ત્યારે એ વખતે આ નિબંધમાં આલેખાયેલી આખી ભાવસૃષ્ટિ ખરેખર આપણી વિસરાઈ ગયેલી સંસ્કારિતાની યાદ તાજી કરાવી દે છે. ફરક માત્ર સર્જકે અહીં આ બધુ હળવી શૈલીમાં આલેખ્યું છે. બાકી ' સો બ્રાહ્મણ બરાબર એક ભાણેજ ' નું સૂત્ર આપણે સૌ એ બાળપણમાં સાંભળ્યું જ હશે. અને મામાના ઘરનું મૂલ્ય પણ એટલું જ અંકાતું. આજે મૂલ્યવિહીન પરિવારો, મામાઓ, ભાણેજો અને આજના એકલવાયા સમાજો માટે આ નિબંધ એક લાલબત્તી સમાન છે. ' ધોળા ઘર-મહેલનો કાળો રાજા' અને ' અ.સૌ. મિશેલબેન બરાકભાઈ ' આ બન્ને હાસ્ય નિબંધો હસાવવાની જૂદી જ ટેકનિક લઈને આવે છે. અહી સર્જકે બે નિબંધો દ્વારા ત્રણ તીર માર્યા છે. એક તો એ પોતાને વારંવાર અજ્ઞાની કહે છે છતાંય અહીં એમનું જ્ઞાન છતું થાય છે એમને એ ખબર છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા છે અને વધારેમાં એમના પત્નીના નામની પણ ખબર છે. બીજુ કે તેઓ હાસ્ય નિપજાવવામાં સફળ રહ્યા છે અને ત્રીજુ તીર એ કે તેઓએ પોતાનું લોકડાયરાનું ડહાપણ પણ દર્શાવી દીધું છે કે પોતે હાસ્યની સાથે સાથે પોતે લોકડાયરાની વાત્યું, ભાષા અને શૈલી પણ જાણે છે. આમ સર્જક આપણી પરંપરિત લોકવાણી-લોક સંસ્કૃતિની ભાષામાં ઓબામા – મિશેલને ગૂંથીને હાસ્યની સાથે સાથે પ્રસન્ન દામ્પત્ય જીવનની મીઠી સુગંધ પણ ફેલાવે છે.

આમ હાસ્યમાં જ્યારે કોઈ સ્વચ્છ ઉદેશ્ય કે આશય ભળે ત્યારે સોનામાં સુગંધ ભળ્યા જેવી અનુભૂતિ થાય છે. હાસ્યકાર જગદીશ ત્રિવેદીના મોટાભાગના હાસ્યનિબંધોમાં 'હસવા ખાતર હાસ્ય 'નહી પણ 'સંસ્કાર ખાતર હાસ્ય' હોય છે, પારિવારિક ભાવનાઓથી ભરેલું નૈસર્ગિક હાસ્ય હોય છે. અને એટલે જ તેઓ વિશેષ લોકપ્રિય છે. ' છકડો બારે માસ'હાસ્ય નિબંધમાં સર્જક સૌરાષ્ટ્રની એક વર્ષો જૂની ખાસિયત લઈને આવે છે. 'છકડો 'એ સૌરાષ્ટ્રની જૂની સંસ્કૃતિનું એક ઉતમ પરિવાહન છે. આ ગામડાના ગૌરવરથ જેવા છકડાની સાંસ્કૃતિક અને શારીરિક ખાસિયતો દર્શાવતો આ લઘુનિબંધ ઉતમ નિબંધોમાંનો એક છે. ભાષા અને લેખકની વિચારશક્તિ અહી પૂરેપૂરા ખીલી ઉઠયા છે અને મૌલિકતા પણ અહીં છાતી કાઢીને સામે ઉભી રહે છે. તો વળી 'કચ્છડો બારે માસ' માં કચ્છ સંદર્ભે રજું થતું ચિંતન – જ્ઞાન, ભૂકંપ સંદર્ભે અંતમાં ગાડીના ડ્રાઈવરનું કચ્છને યાદ કરીને રડવાનું ભાવકોને પણ સંવેદનશીલ બનાવી દે છે. ' રાવણે સીતાનું હરણ કર્યું જ નથી ' માં સીતાનું હરણ નહી કરવા માટેની જાહેરાતમાં વપરાયેલી વકિલાતનામાની ભાષા, હરણ નહી કરવા માટે અપાતા કારણો અને પ્રયૂક્તિઓ લેખકની મૌલિકતાના વાહકો બની રહે છે. અને એ સંદર્ભે અપાતા રાજકીય કટાક્ષો, દેશની બગડતી સ્થિતિનો ચિતાર પણ આપી જાય છે. 'ગિલોલ બનાવીશ-ચકલા મારીશ' માં મનસુખની ગાંડામાંથી ડાહ્યા બનવાની ઘટનાઓ-લગ્ન સંદર્ભે થતી વાતો અને એમાંથી અચાનક આવતો અંત વાંચકોને હસતા કરી દે છે. તો વળી 'સ્વર્ગમાં જવાનું મોકૂફ' માં એક વૃદ્ધનું સંસારથી કંટાળવું અને સ્વપ્રમાં ઈશ્વર દ્વારા વિમાનમાં બેસાડીને સ્વર્ગમાં લઈ જવાનું આહવાન આખી માનસિકતા ફેરવી નાખે છે. એ પછી વાત-વિચાર અને અભિવ્યક્તિ માંથી સતત નિર્ભેળ હાસ્ય નિપજતું રહે છે. 'એસેમ્બલ ગાંધીજી' માં માણસનાં પાંચ અંગો ફોલ્ડિંગ હોત તો ? એ પ્રશ્નનો જવાબ મેળવવા માટે થતા વિચારોમાં સર્જકની હાસ્યની સૂઝ અને મૌલિકતા જોઈ શકાય છે. 'દીકરી સાપનો ભારો'માં હાસ્યની ભાષા દ્વારા હળવી ટકોર, શિખામણ અને સલાહની સાથે સંવેદના પણ વણાઈ આવી છે. ' સમય પાકી ગયો છે ' માં બોમ્બ બ્લાસ્ટ ની ઘટનાઓને મુખ્ય વ્યંગ્ય કેન્દ્ર બનાવીને સર્જકે સારું સેટાયર સર્જ્યું છે.



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

આ હાસ્ય નિબંધોનું હાસ્ય સમજવા માટે કે અનુભવવા માટે ક્યાંય બુધ્ધિની વિવિધ પ્રયુક્તિઓ યોજવી નથી પડતી કેમ કે જીવનના પ્રસંગોને સર્જક કલામાં સરળતાથી રૂપાંતરિત કરી શક્યા છે. આ સંદર્ભે જાણીતા હાસ્ય લેખક શ્રી રતિલાલ બોરીસાગર નોંધે છે કે – ''માનવ જીવનની વિસંગતિઓ હાસ્યલેખક અને કટાક્ષલેખક બેન્નેને સરખું દુખ પહોંચાડે છે. પણ હાસ્યલેખકનું દુખ સીધું આનંદમાં રૂપાંતર પામે છે જ્યારે કટાક્ષલેખકનું દુખ પુણ્યપ્રકોપમાં પરિણમે છે. આ પુણ્યપ્રકોપ શાંત થયા વગર કલાકૃતિનું સર્જન શક્ય નથી 'અર્વાચીન ગુજરાતી હાસ્યરચનાઓ' - પૃ. – XV)


ગુજરાતી હાસ્ય સાહિત્યના વિકાસમાં છેલ્લા થોડા વર્ષોથી અખબારોની કોલમોનો પણ મહત્વનો ફાળો રહ્યો છે કોલમો દ્વારા ગુજરાતી ભાષાને ઘણા નવા હાસ્યલેખકો મળ્યા છે. જો કે એમાં મોટેભાગે તત્કાલિન પ્રસંગો આધારિત હાસ્ય હોવાથી એ કદાચ ચિરકાલીન અસરકારક રહેતું નથી આમ છતાંય ઘણા હાસ્યનિબંધો ઉતમ રીતે આલેખાયેલા જોવા મળે છે. સર્જક જગદીશ ત્રિવેદીના અહી પસંદ કરેલા હાસ્યનિબંધો અખબારોની કોલમ રૂપે લખાયેલાં, કેટલાંક મેગેઝિનોમાં પ્રગટ થયેલાં અને કેટલાંક પુસ્તકો માંથી પસંદ કરેલાં અને કેટલાક અપ્રગટ નિબંધો પણ છે. મને શ્રધ્ધા છે કે ભાવકો આ અડસઠ તીરથની હાસ્યયાત્રા કરીને પોતાનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રાખશે અને અન્ય ભાવકોને પણ આ હાસ્યયાત્રા કરવા માટે પ્રેરણા આપશે.

# પ્રેમ... ઈશ્ક... મુહોબ્બત... પ્યાર... લવ...!

પ્રેમ... પ્રેમ નામ હૈ મેરા ...!! હ્હ્હ ચોપડાભાઈનો ડાયલોગ નથી ચીપ્કાવ્યો પણ આ તો શુ છે કે જરા પ્રેમભાઈનો ઈંટ્રો કરાવ્યો..! વાસંતી વાયરા વ્હાયા છે ને અધૂરામાં પૂરું ઈંગ્લીશ મી. વેલેન્ટાઈન પણ પધારી ચુક્યા છે તો આ પ્રેમ-ફેસ્ટીવલની પુર્ણાહુતીની લાસ્ટ પ્રસ્તુતિ એવી આ એવરગ્રીન ફિલ્મ ચાલુ થાય ને નંબરીયા પડે ને એવું જ કઈક ...!! ઓકે હેંડો લવ-ઓલ ઈસ્ટાર્ટ..! પહેલો પ્રશ્ન ફરજીયાત – 'પ્રેમ એટલે ?' ... 'સલમાનખાન' ...બે કોણ બોલ્યું આ? આ કોઈ 'પ્રેમ ને રતન બેનને ધન પાયોની વાત નથી. સીરીયસ થાવ અને આપો જવાબ ...લ્યો રીપીટ ટેલીકાસ્ટ કરું – 'પ્રેમ એટલે ?'... એન્ડ હિયર આર સમ આન્સર્સ ...! પ્રેમ એટલે-ચાલુ કલાસે વારેવારે ખાલી પડેલી એ બેંચ તરફ જોવાઈ જવાય એ ... પ્રેમ એટલે – અર્ધી રાત્રે પણ હમણાં ટીડીગ થશે એવી નક્કામી આશામાં પણ વોટ્સઅપ પર કોઈ ગમતો પ્રોફાઈલ જોયા કરવો એ ... પ્રેમ એટલે – આખીયે ખાલી ટોકીઝમાં કોર્નરની બે સીટોમાં જ બેસવું એ ... પ્રેમ એટલે– એક એવું હસીન પાંજરું જેમાં ફસાવું ઈનફેક્ટ ફસાઈ રહેવું ગમે એ... પ્રેમ એટલે – ગમતી સીનીયોરીટાની રાહમાં બસસ્ટેન્ડે સાત-આઠ બસ જવા દેવી એ... પ્રેમ એટલે – ઢાઈ અક્ષર વાંચીને પંડિત થઈ જાવાની ઘેલછા ... પ્રેમ એટલે ... પ્રેમ એટલે ... પ્રેમ એટલે ...!

સાલ્લુ પહેલો પેરા વાંચીને તમને એમ થયું હશે કે પ્રેમ એટલે તો ખાલી કોલેજીયનો કે પછી યુવાનો ..! જુવાની માં થાય એ જ પ્રેમ? ને બાકી બધા વહેમ ? ના રે ના ...એવું હોતું હશે ભૂરા .....પ્રેમ એટલે પ્રેમ !!! એને કોઈ ઉમર – સ્થળ – કાળ કે બીજા બંધનો નોટ નડીંગ..!!! પંછી – નદિયા યે પવન કે ઝોંકે , કોઈ સરહદ નાં ઈસે રોકે ...!! ના સમજે? ઓકે લેટ મી એક્ષ્પ્લેણ ઈન ડીપ..! બપોરે ટીફીનના ખાનામાંથી નીકળેલી રોટલીમાં અનુભવાતી મીઠાસ એ પણ પ્રેમ ...સાંજે થાક્યા પાક્યા ઘરે પહોચો ને ડોકે વીટળાઈ વળતા નાનકડા કોમલ કોમળ હાથોમાં અનુભવાઈ એ પણ પ્રેમ ...સમી સાંજે આંગણે રાહ જોઈને ઉભેલી ઘરડી આંખોમાં તમને જોઈને ફૂટી નીકળતી પ્રવાહી ટશર એ પણ પ્રેમ ...પાનના ગલ્લે કે શેરીના નાકે ગાળ સાથે બોલાતું વાક્ય 'ચલ ચા પીવરાઈ' એ પણ પ્રેમ ... પાડોશીની ત્યાંથી આવેલી પાણી-પુરીની ડીશ એ પણ પ્રેમ...' કેટલા દિવસ થયા તને જોયો નથી/જોઈ નથી આમાં ડોકાતી ચિંતા એ પણ પ્રેમ...લાખ મતભેદ છતાં મનભેદ નાં થવો દેવો એ પણ પ્રેમ...મુશ્કેલ પરીશ્થીતી કે પ્રસંગ વખતે પીઠ પર હળવેથી થપથપાવાતો જાણીતો કે અજાણ્યો હાથ એ પણ પ્રેમ...કોઈ ટેડીબેર – ચોકલેટ – ગીફ્ટ વગર અનાયાસે બોલાતું ' તુ મને ગમે છે '' એ પણ પ્રેમ... સુખડના હાર પાછળની છબીમાં સ્થિર થઈ ગયેલા ચહેરા સાથે રોજ મનમાં ને મનમાં થતી વાતો એ પણ પ્રેમ ...! ધ્રુજતા હાથોને હુંફ થી પકડીને મંદિરની સીડીઓ ચડાવવી એ પણ પ્રેમ ...! ભાંગી પડ્યાની વેળાએ કોઈ મૌન આંખોમાં ડોકાતો ભાવ કે ' મૈ હું ના 'એ પણ પ્રેમ...!

ઓકે ...ચાલો હવે પ્રેમ એટલે શું? ના વર્ઝન ૨.૦ ના થોડા ટેકનીકલ પાસા પણ તપાસી લઈએ ...! 'પ્રેમ એટલે કે, સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો. સ્વપ્રમાં પળાય એવો કાયદો... પ્રેમ એટલે કે, તારા ગાલોના ખાડામાં ડૂબી જતા મારા ચોર્યાસી લાખ વહાણોનો કાફલો...' મુકુલ્ભાય ચોકસીની આ એવરગ્રીન પંક્તિઓમાં છુપાયો છે 'પ્રેમ એટલે શુ ?' ના અઘરા સવાલનો સાવ સાદો સરળ જવાબ! હા એક અલગ વાત છે કે આ ચોર્યાસી લાખ વહાણોની જગ્યાએ ચોર્યાસી લાખ ઈમેલ કે મેસેજીસ જેટલો ફેરબદલ કરવો પડે..! એની વે જોક્સ અપાર્ટ પ્રેમ એટલે વાયદો...વચન...અને વાયદો કે વચન એટલે વિશ્વાસ ... ટ્રસ્ટ...! એક્ચ્યુલી 'આઈ લવ યુ' ની અંદર જ એક સાથે એક ફ્રી ની સ્કીમની જેમ આવે છે 'આઈ ટ્રસ્ટ ય' ...વિશ્વાશે વહાણ ચાલે કે નાં ચાલે પણ જો 'આઈ લવ યુ' ના જવાબમાં 'મી ટુ' આવે તો એક વસ્તુ તો મસ્ટ રહેવાની જ અને એ છે 'આઈ ટ્રસ્ટ યુ' ... 'હું તને ચાહું છું' નો સીધો ને સરળ તરજુમો એટલે 'મને તારામાં વિશ્વાસ છે ...' ...'ભરોસો છે...!' તકલીફ જ ત્યાં થાય છે જયારે ખાલી 'આઈ લવ યુ ' ને જ પ્રેમ ગણી લઈએ છીએ ને 'આઈ ટ્રસ્ટ યુ'વાળું તો સાવ ભૂલી જ જવાય છે...પછી 'આઈ હેટ યુ' થી શરુ થઈને ફેસબુક પર લાઈકની જગ્યા એ ડીસ્લાઈક – અનફોલો ને અનફ્રેન્ડ! ગઈ ભેસ પાણી મેં ...!



**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

'હોઠ પર તાળાં હશે તો ચાલશે આંખમાં તોફાન હોવું જોઈએ...તું અઢી અક્ષરમાં બાંધી રાખ મા 'પ્રેમ'નું સન્માન હોવું જોઈએ' (જીગર જોશી) એક્જેટલી...પ્રેમ એટલે સન્માન ...આદર..! પછી ચાહે એ પ્રેમી-પ્રેમિકા વચ્ચે હોય કે પછી પતિ-પત્ની વચ્ચે, બોસ-નોકર વચ્ચે હોય કે માં-દીકરા વચ્ચે, ભાઈ-બહેન વચ્ચે હોય કે આડોશી-પાડોશી વચ્ચે ...આ સન્માન અને આદર હશે તો એ ચોક્કસ પ્રેમ છે. એવું થોડું છે કે ખાલી પેમલા-પેમલીવાળો જ પ્રેમ ગણવાનો? ચંદ્રકાંત બક્ષીના શબ્દોમાં હ પ્રેમ માણસને હું કેદમાથી મુક્તિ આપે છે. જે સંબંધમાં બીજો આપણા માટે કે આપણા જેટલો જ અથવા આપણાથે વિશેષ મહત્વનો બની જાય એને પ્રેમ કહેતા હશે.' વાત પણ સાચી છે ને ? તમારાથી તમે વછુટો એનું નામ પ્રેમ .દિલ જોડવાથી તૂટવા સુધીની કે પછી તૂટવાથી જોડાવા સુધીની સફર એટલે પ્રેમ. પ્રેમ એટલે અવ્યાખ્યાયિત પદ... પ્રેમ એટલે એક એવો દાખલો જેના અનેકો જવાબ છતાયે ગણતરી ચાલુ જ...પ્રેમ એટલે જીવન સંગીતનો એક એવો સુર જે ફેલાતો જાય...વિસ્તરતો જાય ...ઈમ્પ્રુવાઈઝ થતો જાય ...!

'ક્યા યહી પ્યાર હૈ ..? 'આવું કોઈ પૂછે કે ગણગણે તો બિન્દાસ કહી દેવું કે 'ના બકા ના ...આ તો તને વહેમ છે !' સીધી વાત છે ને પ્રેમ તે કાંઈ ' આકળ વ્યાકુળ કાન ને વરસાદ ભીંજવે 'જેવી ઘટના થોડી છે ? એ તો અનુભવવાની ચીજ છે ... ઈટ્સ ઓલ એબાઉટ ફીલિંગ બ્રો/સીસ 'પ્યાર જિંદગી હૈ ...પ્યાર બંદગી હૈ...' આ વાત હાવ હાચી છે ...પ્યાર / પ્રેમ / મુહોબ્બત એ જ તો છે જિંદગી...મતલબ કે 'પ્રેમ એટલે શુ ?' ના દાખલાનો ટેમ્પરેરી જવાબ મળી ગયો – પ્રેમ એ જિંદગી છે/જિંદગીનો હિસ્સો છે/પાર્ટ ઓફ લાઈફ છે કે જેના લીધે જિંદગી વધુ હસીન છે...જીવેબલ છે ...લાઈકેબલ છે ...! બસ આટલેથી જ અટકવું સારું કેમકે આ લવ-સવ વાળો ટોપિક જ એવો છે ને કે ...જવા દ્યો ને ... આપણે આમ રાખો પ્રેમઃ વર્ઝન ૨.૦

વિસામો :

ગમે તેટલી વેદ જુની વેદના તો જુની જ હોવાની, રૂપાની દિવડીમાં વાટ તો રૂની જ હોવાની, નહીં મેળ બેસે એમનો કદી કાનુનથી 'ઘાયલ'મહોબ્બતની દલીલો તો ગેરકાનુની જ હોવાની!